વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત "ચાલુ બાબત" હેઠળ રાજ્યકક્ષાના પ્રસંગો અને તહેવારોની ઉજવણી તથા અન્ય પરિસ્થિતીમાં રાજયમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ કરવાના થતા ખર્ચની કામગીરી માટે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: વિ.૧/કઅવ/૧૦૨૦૧૭/૨૨૮૯(પા.ફા.૦૧)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 6 MAR 2024

સંદર્ભ: પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુ.રા., ગાંધીનગરના તા.૨૫/૧૦/૨૦૨૩ના પત્ર ક્રમાંકઃ સી-૧/ટે-૨/અંદાજપત્ર/૨૦૨૪-૨૫/૬૩૩/૨૦૨૩.

**: આમુખ :**

રાજયમાં રાજયકક્ષાના પ્રસંગોની ઉજવણી વિવિધ તહેવાર, મેળાઓ તથા અન્ય પરિસ્થિતીમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના બંદોબસ્ત પેટે થનાર ખર્ચ જેમ કે, બંદોબસ્તમાં રોકાયેલ પોલીસ અધિકારી/કર્મચારીઓને જમવાની વ્યવસ્થા માટે ફુડ પેકેટ, પોલીસ ફોર્સને રહેણાંકની સુવિધા પુરી પાડવા સરકારી ગેસ્ટ હાઉસ/ખાનગી હોટલ/વાડી/શાળાઓ વિગેરેની વ્યવસ્થા, પોલીસ ફોર્સના સ્થળાંતર માટે એસ.ટી.બસો તથા અન્ય ખાનગી વાહનો રીક્વીઝીટ કરવામાં આવે છે જેના ભાડાનો ખર્ચ, સરકારી વાહનોના પેટ્રોલ/ડિઝલ ખર્ચ, બંદોબસ્ત વ્યવસ્થા માટે બંદોબસ્તની સ્કીમનું સ્પાઇરલ બાઇન્ડીંગ તેમજ પાસ વિગેરેની છપામણી માટેનો ખર્ચ, વૈકલ્પિક વીજળી વ્યવસ્થા ગોઠવવાનો ખર્ચ, બેરીકેડીંગની વ્યવસ્થાનો ખર્ચ, નેટ, જી.પી.એસ., સીમકાર્ડ સંબંધિત ખર્ચ માટે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત ચાલુ બાબતની ૩.૬૯૪૫.૦૦ લાખની દરખાસ્તને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**: ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત "ચાલુ બાબત" હેઠળ રાજયમાં, રાજયકક્ષાના પ્રસંગોની ઉજવણી તથા વિવિધ તહેવાર, મેળાઓ અને અન્ય પરિસ્થિતીમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના બંદોબસ્ત પેટે થનાર ખર્ચ સારૂ ૩.૬૯૪૫.૦૦ લાખ(અંકે છ હજાર નવસો પિસતાળીસ લાખ પૂરા)ની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૨. **ઉક્ત વહીવટી મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.**

(૧) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૭) વાહન ખરીદી સંદર્ભે જો વાહન ખરીદવાનુ થાય તો બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રહેશે તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહીં.

(૮) નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રીયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

(૯) વાહનની ખરીદી બંદરો અને વાહન વ્ય.વિભાગના તા.૦૬/૦૩/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃજીટીએસ/૧૦૨૦૧૩૩૧૯/ઘ ની ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ–માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) નવા ખરીદેલ વાહનની હિસ્ટ્રી શીટ અને લોગબુક નિભાવવાની રહેશે.

(૧૧) નવા વાહનની ખરીદી થયેથી વાહન માટે ડ્રાઈવરની જગ્યા ઉપલબ્ધ ન હોય તો ડ્રાઈવરની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ અનુસાર આઉટસોર્સથી લેવાની રહેશે. આ માટે અલગથી ડ્રાઈવરની કોઈ નવી જગ્યા ઊભી કરવાની રહેશે નહિ.

(૧૨) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજીવિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૫) ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ–માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) આઇ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત વિભાગની થશે.

(૧૭) નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.

(૧૮) ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે. (વિકલ્પ લાગુ પડતો હોય ત્યાં શરત સામેલ કરવી)

(૧૯) ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવવાની રહેશે નહી.

(૨૦) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.

(૨૧) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૨૨) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૨૩)ગૃહ વિભાગના તા.૨૭/૦૮/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ વિ.૧/કઅવ/૧૦૨૦૧૭/૨૨૮૯ માં જણાવેલ અન્ય શરતો યથાવત રહેશે.

૩. આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ સદરે ઉધારવાનો અને તે હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૪ –૨૫ના અંદાજપત્રમાં નીચે મુજબના સદરે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| (૧) માંગણી ક્રમાંક | : ૪૩ |
| (૨) મુખ્ય સદર | : ૨૦૫૫–પોલીસ |
| (૩) પેટા મુખ્ય સદર | : ૦૦ |
| (૪) ગૌણ સદર | : ૧૦૯–જિલ્લા પોલીસ |
| (૫) પેટા સદર | :૧૩– રાજ્યકક્ષાના તહેવારો અને પ્રસંગો |
| (૬) ખર્ચનો પ્રકાર | : મહેસૂલ/મતપાત્ર |
| (૭) હેડ ચાર્જેબલ | : ૨૦૫૫ ૦૦ ૧૦૯ ૧૩ |

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૭/૦૨/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધર્મેશ પરીખ)
ઉપસચિવ(કા.વ્ય–૧)
ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશકશ્રી(કા.અને વ્ય.), પોલીસ ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ(ઓડીટ), અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ(એકાઉન્ટસ), અમદાવાદ/રાજકોટ.
- પોલીસ મહાનિરીક્ષક(વહીવટ), પોલીસ ભવન, ગાંધીનગર.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ. (ઈ–મેઈલ મારફત)
- તમામ પોલીસ રેન્જ વડાશ્રીઓ. (ઈ–મેઈલ મારફત)
- તમામ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ. (ઈ–મેઈલ મારફત)
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ. (ઈ–મેઈલ મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સેકશન અધિકારીશ્રી – આઇ.ટી. શાખા, ગૃહ વિભાગ (ગૃહ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરાવવા અંગે જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ)
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.
- શાખા પસંદગી ફાઈલ.